


**IPL 2026** | આજની મેચ: KKR Vs GT | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: કોલકાતા

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 12 | 8 | 4 | 0 | 16 | 1.053 |
| GT | 12 | 8 | 4 | 0 | 16 | 0.551 |
| SRH | 12 | 7 | 5 | 0 | 14 | 0.331 |
| PBKS | 12 | 6 | 5 | 1 | 13 | 0.355 |
| CSK | 11 | 6 | 5 | 0 | 12 | 0.185 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| DC | 12 | 5 | 7 | 0 | 10 | -0.993 |
| KKR | 11 | 4 | 6 | 1 | 9 | -0.198 |
| MI | 12 | 4 | 8 | 0 | 8 | -0.504 |
| LSG | 11 | 3 | 8 | 0 | 6 | -0.907 |

# કાર્તિકની ઈનિંગથી CSKએ 188 રનનો લક્ષ્યાંક મૂક્યો

**શરૂઆતમાં** 52 રનમાં ત્રણ વિકેટ ગુમાવનાર સીએસકે માટે કાર્તિક શર્મા તારણહાર બન્યો

**કાર્તિકના** 71 રન અને અંતિમ ઓવરોમાં શિવમ દુબેના 16 બોલમાં 32 રનથી સીએસકેએ 187 રન બનાવ્યા



લખનૌ, તા. 15 : આઈપીએલમાં આજે શુક્રવારે અહીં રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સના બોલરોની ‘હાર્ડ લેન્થ’ વ્યૂહરચના સામે ટોપ-ઓર્ડર લથડ્યા બાદ, કાર્તિક શર્માની સમજદારીભરી 71 રનની ઈનિંગની મદદથી ચેન્નાઇ સુપર કિંગ્સે પાંચ વિકેટે 187 રનનો મજબૂત સ્કોર બનાવીને એલએસજી સામે 188 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

એલએસજીએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી સીએસકે 7.2 ઓવરમાં 52 રને ત્રણ વિકેટ ગુમાવી મુશ્કેલીમાં મુકાઈ હતી, જો કે તે પછી કાર્તિક અને ડેવાલ્ડ બ્રેવિસે (25) ચોથી વિકેટ માટે 70 રનની ભાગીદારી સ્થિતિ સુધારી હતી. કાર્તિકને હડપચી સુધી આવતા બોલ સામે દેખીતી તકલીફ પડી રહી હતી, પરંતુ તેણે લડત આપવાની હિંમત બતાવીને પોતાની આ નબળાઈ પર કાબૂ મેળવ્યો હતો. બ્રેવિસ 25 રન કરીને આઉટ થયા પછી કાર્તિક પણ આઉટ થયો હતો. અંતિમ ઓવરોમાં શિવમ દુબેએ અંતિમ ઓવરમાં 23 રન બનાવી 16 બોલમાં કરેલા 32 રનની મદદથી સીએસકે 180 પાર પહોંચ્યું હતું. શરૂઆતમાં ડાબોડી ફાસ્ટ બોલર આકાશ સિંઘે 26 રનમાં ત્રણ વિકેટ ખેરવીને સીએસકેને મુશ્કેલીમાં મૂકી દીધું હતું.

| ચેન્નાઇ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન કો.મુકુલ બો.આકાશ | 20 | 20 | 3 | 0 |
| ઋતુરાજ કો.પૂરન બો.આકાશ | 13 | 9 | 2 | 0 |
| ઉર્વિલ કો.માર્શ બો.આકાશ | 6 | 7 | 1 | 0 |
| કાર્તિક કો.માર્કરમ બો.શાહબાઝ | 71 | 42 | 6 | 5 |
| બ્રેવિસ કો.આકાશ બો.શમી | 25 | 16 | 0 | 2 |
| દુબે નોટઆઉટ | 32 | 16 | 3 | 2 |
| પ્રશાંત નોટઆઉટ | 13 | 10 | 1 | 0 |
| વધારાના | 7 | | | |
| કુલ (20 ઓવરમાં પાંચ વિકેટે) | 187 | | | |

**વિકેટપતન** : 1/31, 2/36, 3/52, 4/122, 5/142

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ શમી | 4 | 0 | 41 | 1 |
| આકાશ સિંહ | 4 | 0 | 26 | 3 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 49 | 0 |
| મયંક યાદવ | 4 | 0 | 26 | 0 |
| શાહબાઝ અહેમદ | 4 | 0 | 45 | 1 |

## આકાશ સિંહે ઋ:તુરાજ અને સેમસનની વિકેટ લીધા પછી હાથે લખેલી નોટ લહેરાવી ઉજવણી કરી



આઇપીએલની આજે રમાયેલી મેચમાં ઋતુરાજ ગાયકવાડની મહત્વપૂર્ણ વિકેટ લીધા પછી, એલએસજીના યુવા બોલર આકાશ સિંહે પોતાના ખિસ્સામાંથી હાથે લખેલી ચીઠ્ઠી કાઢીને આખા સ્ટેડિયમને બતાવવા માટે હવામાં લહેરાવી હતી. આકાશની મજેદાર અને અનોખી ઉજવણી તરત જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ, જેણે દર્શકો અને કોમેન્ટેટર્સ બંનેનું ધ્યાન ખેંચ્યું. તેણે પોતાની એ નોટમાં લખ્યું હતું કે ‘અક્કી ઓન ફાયર, આકાશ જાણે છે કે ટી-20 મેચમાં વિકેટ કેવી રીતે લેવી.”તે પછી સંજૂ સેમસનની વિકેટ લીધા બાદ પણ તેએ આ ચિઠ્ઠી લહેરાવી હતી. આ પહેલા સનરાઇઝર્સ હૈદરાબાદના અભિષેક શર્મા અને સીએસકેના ઉર્વિલ પટેલે પણ આઇપીએલમાં પોતાની સિદ્ધિ બાદ હાથમાં ચીઠ્ઠી લહેરાવી હતી.

## યુપીમાં તોફાની આંધીને કારણે જીવ ગુમાવનારાઓના માનમાં LSG-CSK ટીમે મૌન પાળ્યું



આઇપીએલમાં આજે શુક્રવારે લખનૌ સુપર જાયન્ટ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચેની મેચ શરૂ થાય તે પહેલાં, બંને ટીમોએ બુધવારે, ઉત્તર પ્રદેશમાં ભારે પવનને કારણે જીવ ગુમાવનારા સૌથી વધુ લોકો માટે મૌન પાળ્યું હતું. લખનૌએ એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે, મેચ શરૂ થતાં પહેલાં ઉત્તર પ્રદેશમાં વાવાઝોડાથી પ્રભાવિત લોકો સાથે એકતા દર્શાવવા માટે મૌન પાળવામાં આવ્યું હતું. ચેન્નાઇ સુપર કિંગ્સે પણ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખ્યું હતું કે, “ઉત્તર પ્રદેશમાં વાવાઝોડાથી પ્રભાવિત પરિવારો સાથે એકતામાં ઉભા છીએ.

# KKR આજે ગુજરાત સામે જીતીને આશા જીવંત રાખવા માગશે

**ગુજરાત** ટાઇટન્સ આજની મેચમાં કેકેઆરને હરાવીને ટોચના બેમાં સ્થાન મજબૂત કરવાનો પ્રયાસ કરશે

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર



કોલકાતા, તા. 15 (પીટીઆઈ) : આઈપીએલમાં આવતીકાલે શનિવારે અહીં લગભગ એક મહિના પછી પોતાના ઘરઆંગણે પરત ફરેલી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) ગુજરાત ટાઈટન્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેઓ મેચ જીતીને પોતાની આશા જીવંત રાખવાનો પ્રયાસ કરશે, તો સામા પક્ષે ગુજરાત ટાઇટન્સ મેચ જીતીને ટોચના બેમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માગશે.

અનુભવી અજિંક્ય રહાણેની કેપ્ટનશીપ હેઠળ, કેકેઆરએ આ વર્ષે ગયા વર્ષની જેમ સારું પ્રદર્શન કર્યું નથી, જેના કારણે તેને ફરીથી કેપ્ટન તરીકે નિયુક્ત કરવાના નિર્ણય પર પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. સંતુલિત ટીમ કોમ્બિનેશન શોધવામાં નિષ્ફળ જવાથી કેકેઆરને વર્તમાન સિઝનમાં પોતાની પહેલી જીત માટે સાતમી મેચ સુધી રાહ જોવી પડી. ત્યારબાદ તેમણે સતત ચાર મેચ જીતી હતી પરંતુ છેલ્લી મેચમાં વિરાટ કોહલીની શાનદાર સદીના કારણે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

કેકેઆર પાસે હવે ત્રણ મેચ બાકી છે, અને જો તે બધી જીતી જાય, તો તે મહત્તમ 15 પોઈન્ટ સુધી પહોંચી જશે. તેમ છતાં, તેમનો પ્લેઓફ સ્થાન અસુરક્ષિત રહેશે, જેના કારણે તેમને જો અને પરંતુની શ્રેણીમાંથી પસાર થવું પડશે. બીજી હારથી આગળ વધવાની તેમની શક્યતાઓ ખતમ થઈ જશે. કેકેઆરની સતત ચાર જીત મુખ્યત્વે સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીની સ્પિન જોડીને આભારી છે, જ્યારે ઉપ-કપ્તાન રિંકુ સિંહે પણ સતત યોગદાન આપ્યું છે.

સમગ્ર સિઝન દરમિયાન કેકેઆરની બેટિંગમાં સાતત્યનો અભાવ રહ્યો છે. તેમના બેટિંગ ક્રમ પર પણ પ્રશ્નો ઉભા થયા છે. ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ રિંકુના ક્રમ નીચે બેટિંગ કરવા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. યુવા ખેલાડી અંગક્રિશ રઘુવંશી કેકેઆરના થોડા સફળ ખેલાડીઓમાંનો એક રહ્યો છે, તેણે ચાર અડધી સદી સાથે ૧૩૯.૪૪ના સ્ટ્રાઇક રેટથી ૩૪૦ રન બનાવ્યા છે, જ્યારે રિંકુએ બે અડધી સદી સાથે ૧૪૮.૯૫ના સ્ટ્રાઇક રેટથી ૨૮૬ રન બનાવ્યા છે.

# સાક્ષી, લવલીનાએ CWG અને એશિયન ગેમ્સનો ક્વોટા મેળવ્યો

**નિખત** ઝરીનને હરાવ્યા પછી સાક્ષી ચૌધરીએ અન્ય વર્લ્ડ ચેમ્પિયન મીનાક્ષી હુડાને હરાવી



પટિયાલા, તા. 15 (પીટીઆઈ) : ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ લવલીના બોરગોહેન, અનુભવી સાક્ષી ચૌધરી, જદુમણી સિંહ અને નરિન્દર બરવાલએ શુક્રવારે અહીં પસંદગી ટ્રાયલ્સના અંતિમ દિવસે પ્રભાવશાળી પ્રદર્શન કરીને કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ માટે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. સખત સ્પર્ધા અને વજનમાં ફેરફાર વચ્ચે, આ બોક્સરોએ ક્વોટા મેળવ્યા. ટ્રાયલ દરમિયાન, ઘણા બોક્સરોએ મર્યાદિત વજન શ્રેણીઓમાં સ્થાન મેળવવા માટે પોતાની કેટેગરીઓ બદલી.

વર્લ્ડ ચેમ્પિયનશિપ બ્રોન્ઝ મેડલ વિજેતા પરવીન હુડા (૬૫ કિગ્રા), સુમિત કુંડુ (૭૦ કિગ્રા), અંકુશ (૮૦ કિગ્રા) અને કપિલ પોખરિયા (૯૦ કિગ્રા) પણ ગ્લાસગો અને જાપાન જતી ટીમનો ભાગ હશે. તે બધાએ પોતપોતાના અંતિમ મુકાબલા જીતીને પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. જોકે, વર્તમાન રાષ્ટ્રીય ચેમ્પિયન આદિત્ય પ્રતાપ સિંહ (૬૫ કિગ્રા) જુલાઈ-ઓગસ્ટમાં ગ્લાસગોમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ માટે જ ક્વોલિફાય થયો. એશિયન

દિવસના સૌથી ચર્ચિત મુકાબલામાં, બે વખતની યુવા વિશ્વ ચેમ્પિયન સાક્ષીએ વધુ એક પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, જેમાં તેણે 48 કિગ્રાની વર્તમાન વિશ્વ ચેમ્પિયન મીનાક્ષી હુડાને 5-0 થી હરાવીને 51 કિગ્રા વર્ગમાં સ્થાન મેળવ્યું. સતત બીજા દિવસે, સાક્ષીએ એક વિશ્વ ચેમ્પિયનને હરાવી. ગુરુવારે, તેણે બે વખતની વિશ્વ સુવર્ણ ચંદ્રક વિજેતા નિખત ઝરીનને હરાવી હતી.

## થાઈલેન્ડ ઓપન : સિંધુ, લક્ષ્ય હાર્યા, સાત્વિક-ચિરાગ સેમીમાં

બેંગકોક, તા. 15 (પીટીઆઇ) : થાઈલેન્ડ ઓપનમાં ભારતીય બેડમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ ક્વાર્ટર ફાઈનલમાં જાપાનની ટોચની ક્રમાંકિત અકાને યામાગુચી સામે એક ગેમની લીડ મેળવ્યા બાદ હારી ગઈ હતી. લક્ષ્ય સેન પણ કુનલાવુત વિતિદસર્ન સામે હારીને બહાર થયો હતો. પુરૂષ ડબલ્સમાં સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ શાનદાર પ્રદર્શન કરતા સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સુપર 500 ટુર્નામેન્ટમાં, સિંધુ વિશ્વની ત્રીજા નંબરની ખેલાડી યામાગુચી સામે 21-19, 18-21, 15-21થી હારી ગઈ હતી. આ મેચ એક કલાકથી વધુ ચાલી હતી. પુરુષ સિંગલ્સમાં લક્ષ્ય સેન પણ ક્વાર્ટર ફાઈનલમાં થાઈલેન્ડના બીજા ક્રમાંકિત કુનલાવુત વિતિદસર્ન સામે 19-21, 16-21થી ૫૩ મિનિટમાં હારી ગયો હતો. ભારત માટે સારા સમાચાર ડબલ્સ ઈવેન્ટમાંથી આવ્યા છે.

**2027ના વન ડે વર્લ્ડકપમાં રમવા અંગે RCBના પોડકાસ્ટમાં વિરાટ કોહલીનું મોટું નિવેદન**

# જો મારે યોગ્યતા સાબિત કરવી પડે તો તે સ્થાન મારા માટે નથી : કોહલી

**કોઈ** ચોક્કસ ‘વાતાવરણ’માં તેની ક્ષમતાઓ પર સતત પ્રશ્ન ઉઠાવાય તો તે સ્વીકારવામાં કોઈ ખચકાટ નથી કે તે સ્થાન મારા માટે નથી

**જો** હું રમી રહ્યો છું, તો હું રમવાનું ચાલુ રાખવા માંગુ છું મને મારી યોગ્યતા સાબિત કરવાનું કહેવાય તે વાતાવરણ મારા માટે યોગ્ય નથી



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ) : વિરાટ કોહલી હજુ પણ ક્રિકેટ પ્રત્યે એટલો ઉત્સાહી છે કે તેનું ધ્યાન આગામી વર્ષના વનડે વર્લ્ડકપ પર છે, પરંતુ આ સ્ટાર ભારતીય બેટ્સમેને સ્પષ્ટ કર્યું કે જો કોઈ ચોક્કસ ‘વાતાવરણ’માં તેની ક્ષમતાઓ પર સતત પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, તો તે સ્વીકારવામાં કોઈ ખચકાટ નહીં કરે કે તે ‘સ્થળ’ તેના માટે નથી. ૩૭ વર્ષીય સુપરસ્ટારે તેની આઈપીએલ ફ્રેન્ચાઈઝી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના પોડકાસ્ટ પર કહ્યું કે તેને તેના મહત્વના મૂલ્યાંકનમાં સતત ફેરફારથી નફરત છે.

કોહલીએ કહ્યું કે હું હંમેશા તૈયાર રહું છું કારણ કે એ મારું રોજિંદુ જીવન છે. હું કસરત કરું છું, હું ઘરે સારું ભોજન ખાઉ છું. મને આ રીતે જીવવું ગમે છે. તે ફક્ત ક્રિકેટ રમવા વિશે નથી. મારો મતલબ, 2027 વર્લ્ડકપ અને બીજી બધી બાબતો વિશેની વાતો. મને ઘણી વાર પૂછવામાં આવ્યું છે કે શું હું 2027માં રમવા માંગુ છું,. તો મને એનો જવાબ ખબર છે, અને જો હું રમી રહ્યો છું, તો હું ક્રિકેટ રમવા માંગુ છું. હું રમવાનું ચાલુ રાખવા માંગુ છું. ભારત માટે વર્લ્ડકપમાં રમવું ખૂબ જ સારું છે એવું તેણે કહ્યું હતું.

કોહલીએ કહ્યું, મારો અભિગમ ખૂબ જ સ્પષ્ટ છે. જો હું જે વાતાવરણમાં છું તેમાં કંઈક યોગદાન આપી શકું છું, અને ટીમ માને છે કે હું યોગદાન આપી શકું છું, તો હું રમવાનું ચાલુ રાખીશ. જો મને મારી યોગ્યતા અને મહત્વ સાબિત કરવાની જરૂરિયાત અનુભવવામાં આવે, તો હું તે વાતાવરણમાં ચાલુ રાખી શકતો નથી. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કોહલી અને અન્ય સ્ટાર બેટ્સમેન રોહિત શર્માની ટીમનો ભાગ બનવાની ઈચ્છા હોવા છતાં તેમના ભવિષ્ય અંગે કોઈ સ્પષ્ટ ટિપ્પણી કરી નથી.

કોહલીએ કહ્યું કે જ્યાં સુધી ટીમને તેની જરૂર હશે ત્યાં સુધી તે ટીમ સાથે રહેશે. હું મારી તૈયારી પ્રત્યે પ્રામાણિક છું, રમત પ્રત્યેના મારા અભિગમ પ્રત્યે પ્રામાણિક છું. હું સંપૂર્ણ સમર્પણ સાથે સખત મહેનત કરું છું. જ્યારે હું રમવા જાઉં છું, ત્યારે હું બીજા કોઈ કરતા ઓછો નથી, પણ તેનાથી પણ વધુ સખત મહેનત કરું છું, અને હું યોગ્ય રીતે રમું છું. હું ૫૦ ઓવર માટે ફિલ્ડિંગ કરવા માટે તૈયાર છું. જો મારે આ રીતે રમ્યા પછી પણ મારી યોગ્યતા અને મૂલ્ય સાબિત કરવું પડે, તો તે મારા માટે યોગ્ય સ્થાન નથી.

## સુડોકુ ૬૨૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૯ | | | |
| | ૬ | ૫ | | | ૩ | | ૯ | |
| | ૯ | | ૨ | | ૬ | ૭ | ૩ | |
| | ૩ | | ૬ | | | | ૪ | ૫ |
| ૪ | ૫ | ૬ | ૮ | ૩ | ૧ | | ૭ | |
| | ૧ | | | | ૪ | | ૬ | ૩ |
| | ૨ | | ૩ | | ૮ | | ૧ | |
| ૯ | ૪ | ૩ | ૧ | ૭ | ૨ | ૫ | ૮ | |
| ૬ | | ૧ | ૯ | ૪ | ૫ | ૩ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

### વિસ્ફોટક - ચામડીના રોગો

તલનું તેલ 150 ગ્રામ, આકડા નું દૂધ 400 ગ્રામ, હળદર 200 ગ્રામ ભેળવી, ધીમા તાપે ઉકાળો. તેલ સિદ્ધ થાય, પાણીનો ભાગ બળી જાય ત્યારે ગાળી ને ભરી લો. આ તેલ રોજ સવાર સાંજ લગાડવું.

## શબ્દગુંફન - ૭૨૨૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. રેડિયો ઘર, દૂરવાણી (૫)
૫. તેજ, પ્રભાવ, દૈવત (૨)
૬. રસિક (૪)
૮. મુકામ, મુસાફરી (૩)
૧૦. નુકસાન, હાનિ (૨)
૧૨. ચંચળ, અસ્થિર(૩)
૧૪. શૂરવીર, ધીંગું (૪)
૧૬. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૨)
૧૯. સાવ સહેલી વાત (૫)
૨૦. કમળ (૩)
૨૨. આદમી (૨)
૨૩. ખામી, ઘટ, ખોટ (૩)
૨૪. જામીન (૨)
૨૫. દૂર (૨)
૨૬. વગાડવું તે (૩)
૨૭. તાકાત (૨)
૨૮. સદ્વર્તન, સારું વર્તન (૨)
૨૯. ટોચ, છેડો (૨)
૩૦. ટેક, આબરૂ (૨)
૩૧. પાણી, જળ (૨)
૩૨. કિનારો, બાણ (૨)

**ઊભી ચાવી**

૨. ફુવારો (૩)
૩. કપડાં વણવામાં આવતો આડો દોરો (૨)
૪. ઉછાળો, જુસ્સો (૨)
૫. વશ, તાબે (૨)
૬. રેતીનું મેદાન (૨)
૭. ઊંઘાડત્તાં કરનારું (૩)
૮. અદબ, વિવેક, હદ (૩)
૧૦. અવસ્થા, અત્યારે (૨)
૧૧. રહેવાનું સ્થળ (૨)
૧૩. પાંચમું પાતાળ(૪)
૧૫. ભય (૩)
૧૭. ઉદ્ધાર કરનાર (૫)
૧૮. કલ્યાણકારી (૪)
૨૦. ઝરણું (૪)
૨૧. જમીન માલિક (૫)
૨૫. દૂધ, પાણી (૨)
૨૭. જુસ્સો બળ (૨)
૨૮. દોરડાં પર નાચનાર (૨)
૨૯. દુશ્મન (૨)



## આજનું પંચાંગ

**તા.16/05/2026, શનિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : વૈશાખ
**તિથિ**: વદ : અમાવસ : 25:32
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક** : વૈશાખ: 26
**યોગ** : સૌભાગ્ય
**કરણ**: ચતુષ્પદ **નક્ષત્ર** : ભરણી ૧૭:૩૨
**રાશિ**: મેષ (અ.લ.ઇ.)22:47 પછી વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ** : અશુભ-શનિ જયંતી, વટસાવિત્રી વ્રત, અમાવસ્યા પક્ષ
**સુરતમાં સૂર્યોદય** : 06:02 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:08
**નવકારસી** : 06:52
**પારસી વર્ષ** : 1395 દએ માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 જિલ્કાદ માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં**: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ** : સવારે :09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,)**: મન ક્રિએટીવ અને રોમેન્ટીક રહેશે. નવા કામમાં મદદ મળે. પરિવારનો સાથ ઉત્સાહિત રાખશે.

**વૃષભ (બ,વ,ઉ,)**: દેવદર્શન, તીર્થ યાત્રા, સમાજસેવા વગેરેથી મનને શાંતિ મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.

**મિથુન (ક,છ,ઘ,)**: ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજના બને.

**કર્ક (ડ,હ,)**: સરકારી નોકરિયાતને નવી તકની સાથે વધારાની જવાબદારીથી બોજ વધે. સમાજમાં યશ મળે.

**સિંહ (મ,ટ,)**: વિદેશ પ્રવાસ આયાત-નિકાસ લેખન કાયદા વગેરેને લગતાં કામમાં પ્રગતિ થાય. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,)**: આળસથી તકનો લાભ નિકળી જઇ શકે છે. અચાનક શુભ સમાચાર મળે. ખર્ચા વધે.

**તુલા (ર,ત,)**: નવી નોકરીના યોગ બને. સરકારી કામમાં મદદ મળે. સમાજમાં યશ મળે.

**વૃશ્ચિક (ન,ય,)**: આરોગ્ય સુધરે, નોકરીમાં નવી તક ઊભી થાય. માતાની ચિંતા રહે. હરીફોથી સાવધાન રહેવું.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: પ્રેમવિવાહ કે પ્રેમમાં મિલન મુલાકાતની શકયતા રહે. શેર બજારમાં તક મળે. સંતાન ચિંતા રહે.

**મકર (ખ,જ,)**: નવા ફેરફારથી લાભ થાય. ઘરમાં સુખ-સગવડ વધે. આરોગ્યની ચિંતા રહે. બહાર જવાનું બને.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: મિત્રો-વડીલો, ભાઈ-બહેનની મદદથી નવું કામ પાર પડે. અચાનક લાભથી ઉત્સાહ વધે.

**મીન (દ,ચ,ઝ,થ,)**: ઉઘરાણી આવી શકે છે. પારિવારિક ધંધામાં આવક વધે. ઘરમાં અશાંતિ રહે.

### કોઈ પણ સાલમાં 16 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહેશે. નોકરી-ધંધા- વ્યવસાયમાં ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધશે. સંતાનોના કેરીયર-અભ્યાસમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશના કામ ઢીમાં પડશે. વારસા, જાયદાદ, જમીન સામાજિક સમસ્યા વગેરે વગેરેમાં વડીલોની મદદ મળે. નવા ઘર, વાહન, મકાન, બાબતે વર્ષની મધ્ય અનુકૂળ રહે. વધારાની આવક બાબતે મિત્રો મદદરૂપ બનશે. સોમ, ગુરુવાર, 07, 16, 25 તારીખે નવા કામ કરી શકાય. ગુલાબી સફેદ રંગનો ઉપયોગ વધારવો . ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. હેતુ અને ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

## અનુસંધાન... પાના પહેલાનું

### ચાંદીમાં 21,600નો...

તાજેતરના સત્રોમાં જોવા મળેલી તેજી અને ઊંચા સ્તરો બાદ બજારમાં નફો બુક કરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ હતી.

### મોદીની 2.5 કલાકની...

થોડા જ સમય બાદ યોજાઈ હતી. આ પ્રવાસમાં અન્ય ચાર યુરોપિયન દેશોનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાન માટે યુએઈ આશરે અઢી કલાકનો સ્ટોપઓવર હતો, જે બાદ તેઓ નેધરલેન્ડ જવા રવાના થયા હતા. યુએઈના નેતા સાથેની બેઠકમાં પોતાની પ્રારંભિક ટિપ્પણીમાં મોદીએ જણાવ્યું કે, અમે યુએઈ પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ. યુએઈ, જે એક અગ્રણી અમેરિકી લશ્કરી મથક ધરાવે છે, તે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા ઈરાન પરના યુએસ-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન ઈરાની હુમલાઓનો ભોગ બન્યું છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, યુએઈને જે રીતે નિશાન બનાવવામાં આવ્યું છે તે સ્વીકાર્ય નથી પરંતુ યુએઈએ જે સંયમ સાથે વર્તમાન પરિસ્થિતિને સંભાળી છે તે પ્રશંસનીય છે. વડાપ્રધાને રેખાંકિત કર્યું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષની અસર વૈશ્વિક સ્તરે અનુભવાઈ રહી છે અને ઉમેર્યું કે: ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ લાવવા માટે તમામ સંભવિત સહયોગ આપવા તૈયાર છે. બેઠક દરમિયાન બંને નેતાઓએ મુખ્યત્વે સાત ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગ પર હસ્તાક્ષર કર્યા હતા.

### ભારત-યુએઇ...

- **મહત્વ:** LPG સપ્લાય મજબૂત થશે, આર્થિક ભાગીદારી વધશે.
- વ્યુહાત્મક સંરક્ષણ સહકાર કરાર
- **મહત્વ:** સંરક્ષણ સહયોગ, ટેકનોલોજી શેર કરવા અને સુરક્ષાને મજબૂતી મળશે.
- વાડિનાર પોર્ટ, ગુજરાતમાં શિપ રિપેર ક્લસ્ટર બનાવવા અંગે કરાર
- **મહત્વ:** શિપિંગ અને દરિયાકાંઠાનું માળખું (કોસ્ટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર) મજબૂત થશે અને ‘મેક ઇન ઇન્ડિયા’ને પ્રોત્સાહન મળશે.
- જહાજ રિપેરિંગમાં કૌશલ્ય વિકાસ પર કરાર
- **મહત્વ:** દરિયાઈ કાર્યબળની ક્ષમતા વધશે અને ભારત શિપબિલ્ડિંગ-રિપેરિંગ તેમજ સ્કિલ હબ બનશે.
- સુપરકોમ્પ્યુટિંગ ક્લસ્ટર પાર્ટનરશિપ કરાર
- **મહત્વ:** સુપરકોમ્પ્યુટર ક્લસ્ટરથી AI મિશનને પ્રોત્સાહન મળશે.
- UAEનો ભારતમાં 5 અબજ ડોલર રોકાણ કરવાનો વાયદો
- **મહત્વ:** રોકાણથી રોજગારી વધશે અને ભારત-UAE વિકાસ ભાગીદારી મજબૂત બનશે.

### ભોજશાલાના સ્થળને મંદિર...

– તે જિલ્લામાં મસ્જિદના નિર્માણ માટે અલગ જમીનની ફાળવણી માટે રાજ્ય સરકારનો સંપર્ક કરી શકે છે. ભોજશાલા મંદિર-કમાલ મૌલા મસ્જિદ સંકુલ વિવાદમાં પોતાના બહુપ્રતીક્ષિત ચુકાદામાં, કોર્ટે અવલોકન કર્યું કે ભોજશાલામાં સંસ્કૃત શિક્ષણ કેન્દ્ર અને દેવી સરસ્વતીનું મંદિર અસ્તિત્વમાં હોવાના સંકેતો છે. હાઈકોર્ટે હિન્દુ સમુદાય દ્વારા દાખલ કરવામાં આવેલી બે જાહેર હિતની અરજીઓનો સ્વીકાર કર્યો અને આ મધ્યયુગીન સ્મારકના ધાર્મિક સ્વરૂપને દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્થાપિત કર્યું. ભોજશાલા-કમલ મૌલા મસ્જિદના વિવાદિત સંકુલનું ધાર્મિક સ્વરૂપ દેવી સરસ્વતીના મંદિર તરીકે સ્થાપિત થાય છે, તેમ જસ્ટિસ વિજય કુમાર શુક્લા અને આલોક અવસ્થીની ડિવિઝન બેન્ચે પોતાના ૨૪૨ પાનાના ચુકાદામાં જાહેર કર્યું હતું.

કોર્ટે વિવાદિત સ્મારક પર ASIના વૈજ્ઞાનિક સર્વેક્ષણ અહેવાલ અને રેકોર્ડ પરના અન્ય દસ્તાવેજોનો હવાલો આપતા જણાવ્યું કે, આ માળખું પરમાર વંશના રાજા ભોજ સાથે જોડાયેલું હતું, જે એક રાજપૂત સામ્રાજ્ય હતું અને જેણે ૯મીથી ૧૪મી સદી વચ્ચે વર્તમાન મધ્ય ભારતના માળવા ક્ષેત્ર પર શાસન કર્યું હતું. હાઈકોર્ટે જણાવ્યું કે જો મુસ્લિમ પક્ષ તરફથી આ કેસમાં પક્ષકાર એવા મૌલાના કમાલુદ્દીન વેલફેર સોસાયટી ધાર જિલ્લામાં મસ્જિદ નિર્માણ માટે જમીન ફાળવણી માટે અરજી કરે, તો રાજ્ય સરકાર કાનૂની જોગવાઈઓ અનુસાર તેના પર વિચાર કરી શકે છે. બેન્ચે આ મામલાને લગતી પાંચ અરજીઓ અને એક રિટ અપીલ પર ચુકાદો આપ્યો હતો. કોર્ટે ૬ એપ્રિલથી ભોજશાલા કેસમાં નિયમિત સુનાવણી શરૂ કરી હતી અને તમામ સંબંધિત પક્ષોની દલીલો રજૂ થયા બાદ ૧૨ મેના રોજ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

ભોજશાલાને લઈને વિવાદ ઊભો થયા બાદ, ASI એ ૭ એપ્રિલ, ૨૦૦૩ના રોજ એક આદેશ જાહેર કર્યો હતો, જેમાં હિન્દુઓને દર મંગળવારે સંકુલમાં પૂજા કરવાની અને મુસ્લિમોને દર શુક્રવારે તે સ્થળે નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવી હતી. આ આદેશને હિન્દુ પક્ષ દ્વારા કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેમણે સંકુલમાં પૂજા કરવાના વિશેષ અધિકારની માંગ કરી હતી. એક અગ્રણી મૌલવીએ જણાવ્યું કે હાઈકોર્ટના ચુકાદાને સર્વોચ્ચ અદાલતમાં પડકારવામાં આવશે. ચુકાદા અંગે પૂછવામાં આવતા, ધાર શહેરના કાઝી વકાર સાદિકે પીટીઆઈ વીડિયોઝને જણાવ્યું કે અમે હજુ સંપૂર્ણ ચુકાદો જોયો નથી. અમે હાઈકોર્ટના નિર્ણયનો આદર કરીએ છીએ, પરંતુ તેનો વિગતવાર અભ્યાસ કર્યા પછી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીશું.

**ચુકાદા ટાણે હાઇકોર્ટમાં કડક સુરક્ષા વ્યવસ્થા**

હાઈકોર્ટના ચુકાદા પહેલા સંકુલ અને તેની આસપાસ આશરે ૧,૨૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. ધારના કલેક્ટર રાજીવ રંજન મીનાએ સોશિયલ મીડિયા પર વાંધાજનક સામગ્રી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી, કારણ કે વહીવટીતંત્રે એવા સ્થળે બેરિકેડ્સ લગાવ્યા હતા જ્યાં શુક્રવારની નમાઝ અને કોર્ટનો ચુકાદો એક જ દિવસે હતા.

**ભોજશાલા જૈન મંદિર હોવાનો પણ દાવો થયો હતો**

હિન્દુ સમુદાય ભોજશાલાને વાગ્દેવીનું મંદિર માનતો હતો, જ્યારે મુસ્લિમ પક્ષ તેને કમાલ મૌલા મસ્જિદ કહેતો હતો. ત્યારે જૈન સમુદાયના એક અરજદારે પણ દાવો કર્યો હતો કે આ સંકુલ મધ્યયુગીન જૈન મંદિર અને ગુરુકુળ હતું. મંદિરમાં મૂર્તિ સરસ્વતીની છે કે મા અંબિકાની છે એ વિવાદ સંદર્ભમાં કોર્ટે કહ્યું હતું કે ભારતમાં હિન્દુવાદ અને જૈનવાદ બે જુદી બાબતો નથી. હાઈકોર્ટના આદેશ પર ૨૦૨૪માં સ્મારકનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કર્યા પછી, ASI એ તેના ૨,૦૦૦થી વધુ પાનાના અહેવાલમાં સંકેત આપ્યો હતો કે ધારના પરમાર રાજાઓના શાસનકાળનું એક વિશાળ માળખું મસ્જિદ પહેલાનું હતું, અને વર્તમાન વિવાદિત માળખું મંદિરના જ ભાગોનો ફરીથી ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું.

### ચોમાસુ આ વર્ષે...

ટાપુઓના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ છે. IMD એ જણાવ્યું કે, “ભારતીય મુખ્ય ભૂમિ પર દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગળ વધવું એ કેરળમાં ચોમાસાના આગમન દ્વારા ચિહ્નિત થાય છે અને તે ગરમ અને સૂકી ઋતુમાંથી ચોમાસાની ઋતુમાં સંક્રમણ દર્શાવતો એક મહત્વપૂર્ણ સંકેત છે.” તેમણે ઉમેર્યું, “જેમ જેમ ચોમાસું ઉત્તર તરફ આગળ વધશે તેમ તેમ તે વિસ્તારોમાં કાળઝાળ ઉનાળાના તાપમાનમાંથી રાહત મળશે. ચાર મહિનાની આ ચોમાસાની ઋતુ દેશના વાર્ષિક વરસાદના લગભગ ૭૦ ટકા વરસાદ લાવે છે. તે કૃષિ અને પાક માટે, સમગ્ર અર્થતંત્ર માટે અને જળાશયો તેમજ ભૂગર્ભ જળને રિચાર્જ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

જો કે, IMD એ સંકેત આપ્યો છે કે આ વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થઈ શકે છે. ચોમાસાના મહિનાઓમાં દેશમાં ૮૦ સેમી વરસાદ થવાની સંભાવના છે, જ્યારે લાંબા ગાળાની સરેરાશ (૧૯૭૧-૨૦૨૦) મોસમી વરસાદ ૮૭ સેમી છે. IMD એ જણાવ્યું હતું કે આવું ‘અલ નીનો’ની સ્થિતિ સર્જાવાને કારણે થઈ શકે છે, જે દેશમાં ઓછા વરસાદનું કારણ બને છે. ૧ મેના રોજ તેની માસિક આગાહીમાં, વિભાગે જણાવ્યું હતું કે વિષુવવૃત્તીય પેસિફિક પર ‘એલ નીનો-સધર્ન ઓસિલેશન’ (ENSO)-તટસ્થ પરિસ્થિતિઓ હવે અલ નીનો તરફ આગળ વધી રહી છે.

### NEET-UGની...

મે સુધી ચાલુ રહી હતી. જ્યારે અમને સ્પષ્ટતા મળી અને ખાતરી થઈ ગઈ કે પ્રશ્નો બહાર આવી ગયા હતા, ત્યારે અમે વિદ્યાર્થીઓના હિતમાં ૧૨ મેના રોજ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો એમ તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે આ કેસ CBI ને સોંપી દીધો છે અને તપાસ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.